





પક્ષનાં શિસ્ત-શાંતિ ખટપટે ખળભળે છે
સત્તા-પદ માટે સૌ ગુપ્ત ચાલે ચળવળે છે
ટળવળે છે એ સંબંધોની ખેંચાખેંચ કરી-
આ અવસ્થામાં ય મહત્વાકાંક્ષા સળવળે છે!
(શ્રી અડવાણીનાં અરમાન)

વખાણે પક્ષ
'રોબોટ'નું કૌશલ્ય
મૌન-અભિવ્યકિત!
(ચાર વર્ષનો કાર્યકાળ)

'સ્વર્ણિમ પાર્ક'-
જઈને ભરો પેટ!
સ્વપ્નાં સાર્થક..
(મહાત્મા મંદિર રોડ
એટલે 'વિકાસ')




## ચિંતન

**જમાતા, જઠરં જાયા જાતવેકો જલાશયઃ । પૂરિતા નૈવ પૂર્યન્ને જંકારાઃ પંચ દુર્ભરાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે.

જમાઈ, જઠર (પેટ) જાયા (સ્ત્રી-પત્ની) જાતવેદ (અગ્નિ) અને જળાશય (પાણીના સ્થાન-તળાવ-સરોવર) આ પાંચ 'જ' કાર નામ ધરાવતાં પદાર્થો ગમે તેટલીવાર ગમે તેટલું પૂરવામાં કે ભરવામાં આવે પણ કદી પૂર્ણ રીતે ભરાતાં કે સંતોષથી તૃપ્ત થતાં નથી.

આ શ્લોકમાં સામાન્ય જન વહેવારમાં કહેવાતી અનુભવની વાણીનો સાર છે એ સદાય સનાતન સત્ય ન પણ હોય, પણ સામાન્યતઃ આમ હોઈ શકે છે-

જમાઈની અપેક્ષા સાસરાં પક્ષ પાસે વધારે હોય છે આજકાલમાં જ કિસ્સો હતો પાંચ લાખની માગણી કરનાર જમાઈ અપેક્ષા પૂર્તિ ન થતાં માંડવે પધાર્યા જ નહીં

સ્ત્રી-પત્નીને એક ઈચ્છા-માગણી કરો એટલે બીજી ઊભી જ હોય! સાડી ભેટ આપો કે તરત કહે-મેચીંગ બ્લાઉઝ લીધું છે?

**અગ્નિમાં જેટલું હોમ કરો બધું ભસ્મ જ થાય. જળાશય-પાણી પૂર્ણ ભરાતાં નથી અધુરું રહે** કે બાષ્પીભવન થઈ જાય. આમ અત્રે પાંચ 'જ'કાર સાધનોના નામ આપ્યાં છે.

## સુવિચાર

- તીર જેવા નહી તરાપા જેવા બનો, જેથી તમને પામીને કોઈ તરે, તડપે નહી
  **- શરદચંદ્ર**
- ધનને સાચવી જાણે તે સંસારી મનને સાચવી જાણે તે સંયમી **- સુફી સૈયદ**
- સુખનું આશ્વાસન રોજ મળે પણ દુખનો અનુભવ રોજ થાય એનું નામ સંસાર
  **- શ્રીલંકન કહેવત**
- સાસુ સસરાથી અલગ રહેવા જનાર વહુને મારી ભાભી મારા મા બાપને સાચવે એ વિચારવાનો પણ હક નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- પૈસા માટે પરસેવો પાડનારા ઘણા છે. પણ પર સેવા માટે પરસેવો પાડનારા જૂજ છે
  **- પૂજ્ય મોટા**
- કડવું કરિયાતુ ગુણકારી છે, છતાં કોઈએ મહેમાનને પીરસતું નથી
  **- મુની ભાનુચંદ્ર સુરીશ્વરજી**

## બોધ કથા

અત્યારે ચારે કોર બળાત્કારના દુષ્કૃત્યો ચાલુ જ છે. દારૂબંધીમાં હેરા ફેરી, લૂંટ-ફાટ-ચોરી બધું જ નિશ્ચિંતપણે ચાલે છે સરકાર 'કડક'માં 'કડક' કાયદા કરે છે પણ ગુન્હેગારો પાસે પહોંચતાં પહોંચતાં ઢીલા પડી જાય છે કારણ કે ઊંટને ઢેકા કાઢવાની આવડત છે.

રાજા એ ચોરી અને વસ્તુ રસ્તામાંથી પણ મળે તો લોકો પોતાની પાસે રાખી ન લે એટલે કડક કાયદો કર્યો. ગામના મોટા બજાર ચોકમાં ઉભી ત્રણ વખત મોટેથી જાહેરાત કરવી 'મને ફલાણી વસ્તુ મળી છે' અને જો તેનો માલિક મળી જાય તો તરત સોંપી દેવી આમાં જો કોઈ ચૂક કરશે તેને ફાંસીએ ચઢાવી દેવામાં આવશે.

મુલ્લાં નસરૂદ્દીનને એકવાર રસ્તામાંથી હીરાની વીંટી મળી-સામાન્ય રીતે જેમ બધાનું મન લલચાય તેમ મુલ્લાંનું મન પણ લલચાઈ ગયું પણ - પણ લુચ્ચાં ગુન્હેગારોની જેમ એણે પણ કાયદાથી બચવા રસ્તો શોધી કાઢયો.

મુલ્લાં અર્ધી રાત્રે બજાર ચોકમાં ગયા અને નિયમ મુજબ ત્રણવાર જાહેરાત કરી- 'મને હીરાની વીંટી મળી છે' પછી હરખાતાં બોલ્યો : 'હવે હીરાની વીંટી મારી...'

E-mail : sureshchandrabhatt18@gmail.com

# રીક્ષામાંથી ઉતરતા તેમની પાસે વજનદાર લગેજ હોવાથી ઉપર મુકી જવા વિનંતી કરી હતી તેઓ એક સ્ત્રી હોવાથી હું લગેજ મુકવા ઉપર ગયો હતો ત્યાં જોયું કે એક બહેન લોહીના ખાબોચિયામાં પડયા હતા

**અપરાધી કોણ?**

**લઘુકથા**

**- નિરંજન ઓઝા**

માધવ કોમ્પ્લેક્ષની પાછળ આવેલ માધવ બંગ્લોઝમાં આજે પોલીસોની આવન-જાવન શરૂ થઈ છે કારણ કે માધવ બંગ્લોઝના ચોથા માળે ભાવનગરના પ્રખ્યાત ઉદ્યોગપતિ શ્રી શ્યામલાલના યુવાન ૩૦ વર્ષના ધર્મપત્ની રૂપમતીનું ભેદી અવસ્થામાં ખૂન થયું છે. પોલીસો, ફિંગર પ્રીન્ટ એક્ષપર્ટ તેમજ ડૉગ સ્કોર્ડ તેના કામે લાગી ગયા છે. ડૉગ ઉપરથી નીચે બંગ્લોઝના ઝાંપા સુધી જાય છે અને પાછો ફરે છે તેથી માની શકાય કે ખુની ત્યાંથી કોઈ વાહનમાં ફરાર થઈ ગયો હશે. પોલીસના કાફલાએ લાશને ભાવનગરની સર તખતસિંહજી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. વિશેષમાં શહેર ન છોડવાની તેમજ પોલીસને જયારે જરૂર પડે ત્યારે નિવેદન માટે હાજર થવાની સુચના સાથે કાફલો વિદાય લે છે. બીજે દિવસે પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવી જાય છે તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે કારણ આપઘાતનું નથી પરંતુ ખુનનું છે. મરનારના પેટમાં તેમજ છાતી ઉપર ચપ્પુના ઉંડા ઘાને લીધે તાત્કાલિક મરણ થયું છે. મરણ પહેલાં ઝપાઝપીને લીધે હાથ ઉપર ઉઝરડાના નિશાનનો પણ ઉલ્લેખ પોસ્ટ મોર્ટમ રીપોર્ટમાં કરવામાં આવ્યો છે.

આમ રીપોર્ટ આવ્યા પછી પુછપરછ તેમજ નિવેદન લેવા પોલીસ ઘરે આવે છે ત્યારે ઉદ્યોગપતિ શ્યામલાલ તેમના નિવેદનમાં જણાવે છે કે મારાં બંને બાળકોની સ્કુલ બપોરે ૧૨.૩૦ વાગે છૂટતી હોવાથી બપોરે ૧૨ વાગે હું ઘરે આવ્યો હતો ત્યારે મેં તથા મારી પત્નીએ ચા સાથે નાસ્તો કર્યો હતો. ત્યાર પછી હું બાળકોને લેવા સ્કુલે ૧૨.૧૫ વાગે ગયો હતો સ્કુલ ૧૨.૩૦ વાગે છૂટયા પછી લગભગ દસેક મીનીટ પછી ઘરે આવવાનું થાય છે પરંતુ તે પહેલાં મારી સાળી કે જે આજે જ આવવાની હતી તેનો ફોન આવ્યો કે 'જીજાજી' જલ્દી ઘરે આવો, દીદીનું ખુન થયું છે આ સાંભળી પહેલાં તો હું ગભરાઈ ગયો અને બાળકોને લઈ ઘરે આવું છું ત્યારે ઘરમાં પોલીસો મારા ધર્મપત્નીની લાશ પાસે ઉભા રહી તેમની કામગીરી કરતા હતાં. મારા તથા મારી પત્નીના સંબંધો ખુબ જ સારા હતા. અમારાં વચ્ચે કયારે પણ ઝઘડો થતો ન હતો પરંતુ આમ કેવી રીતે થયુ તેનું જ મને દુઃખ છે મારા બાળકો હવે નિરાધાર થયા તેટલું કહી તેમનું નિવેદન પુરું કરે છે.

હવે મરનારના બહેન કે જેઓ આજે જ આવ્યા છે તેમના નિવેદનમાં જણાવે છે કે મારું નામ સ્નેહા છે અને હું તેમની નાની બહેન થાઉં છું. મારી દીદીનો જન્મદિવસ પાંચ દિવસ પછી આવતો હોવાથી મને ખાસ 'પુના'થી બોલાવી છે. કારણ કે મારા પિતા નિવૃત્ત થયા પછી 'પુના'માં સેટલ થયા છે. હું જયારે ઘરે આવી ત્યારે મારા દીદી લોહીના ખાબોચિયામાં પડયા હતા. હું તેમની પાસે જાઉં તેટલી શકિત મારામાં ન હતી કારણ કે દીદીનું દશ્ય જોઈ મારું આખું શરીર ધ્રુજતું હતું. મારી સાથે વધારે વજનવાળો લગેજ હોવાથી હું જે રીક્ષામાં આવી હતી તેના ડ્રાઈવરને વિનંતી કરતાં તે 'ઈસ્માઈલભાઈ' મારો લગેજ મુકવા ઉપર આવ્યા હતા તે પણ આ દશ્ય જોઈ ખુબ જ ગભરાઈ ગયા હતા. મારી પાસે તેનો રીક્ષા નંબર છે તેમ જણાવી તેનું નિવેદન પુરું કર્યું.

**એડવોકેટ આ આઈકાર્ડનું લખાણ વાંચી ખુબ જ આશ્ચર્યમાં પડી જાય છે અને બીજે દિવસે ફોન ઉપર તે વ્યકિતનો સંપર્ક સાધે છે, જેમનો સંપર્ક સાધવામાં આવ્યો તેમને મળી જવાનું કહે છે**

આડોશી-પાડોશીના નિવેદન લેવામાં આવ્યા તેના ઉપરથી પોલીસને એટલો તો સંતોષ થયો કે બંનેના લગ્નજીવનમાં કોઈ કંકાસ-ટંટો કે બીજા કોઈ લફડા નથી. ખૂબ જ શાંતિથી અને સરળ જીવન જીવતા હતા.

માધવ બંગ્લોઝના ચોકીદારના નિવેદન લેતાં પોલીસને જાણ થઈ કે જે દીવસે બપોરના ખૂન થયું તે દિવસે જે ચોકીદારની ડયુટી સવારે ૬ થી બપોરના ૨ વાગ્યા સુધીની હતી તે ચોકીદાર બિમાર હોવાથી માધવ બંગ્લોઝ ચોકીદાર વિના હતું અને રજીસ્ટરમાં પણ બહારથી આવતાં આગુંતકની કોઈ માહિતી ન હતી.

રીક્ષા ડ્રાઈવરે તેમના નિવેદનમાં જણાવ્યું કે બહેન ભાવનગર સ્ટેશને ઉતર્યા પછી આમ તેમ વાહનની તપાસમાં હતા તેથી હું તેમની પાસે ગયો અને કયાં જવુ છે તે પુછતાં રીક્ષા ભાડું મેં જણાવ્યું જે તેઓને યોગ્ય લાગતાં મારી રીક્ષામાં બેસી ગયા અને હું તેમને તેમના સ્થળે લઈ આવ્યો. રીક્ષામાંથી ઉતરતા તેમની પાસે વજનદાર લગેજ હોવાથી ઉપર મુકી જવા વિનંતી કરી હતી તેઓ એક સ્ત્રી હોવાથી હું લગેજ મુકવા ઉપર ગયો હતો ત્યાં જોયું કે એક બહેન લોહીના ખાબોચિયામાં પડયા હતા. બહેનનો લગેજ મુકી હું ખુબ જ ગભરાઈ ગયો હતો તેથી તરત જ નીચે ઉતરી ગયો હતો. આથી વિશેષ મારે કંઈ પણ કહેવાનું નથી એટલું કહી તેમણે નિવેદન પુરું કર્યું.

બધાનાં નિવેદનો લીધા પછી ખુની કોણ છે તે સ્પષ્ટ થતું ન હોવાથી બે દિવસ પછી ફરીથી ઉદ્યોગપતિ શ્યામલાલ તથા મરનારના નાના બહેન 'સ્નેહા'ના નિવેદન લીધા. આ ફરીથી લેવામાં આવેલ નિવેદનના આધારે શ્યામલાલ ઉપર શંકા થતાં તેમની ધરપકડ કરવામાં આવે છે પરંતુ તે દરમિયાન શ્યામલાલ એ ભાવનગરના ક્રિમીનલ મેટરના પ્રખ્યાત એડવોકેટ શ્રી ચંપકલાલની સેવા લઈ લીધી હોવાથી કોર્ટમાં તેમની દલીલ તથા પુરાવાના અભાવે નામદાર કોર્ટ શ્યામલાલને શરતી જામીન આપે છે અને હવે પછીનું હીયરીંગ આવતાં ગુરુવાર સુધી મુલતવી રાકવામાં આવે છે. એડવોકેટ મુલતવી રહેલા સમયનો પુરેપુરો ઉપયોગ કરી ઉદ્યોગપતિ શ્યામલાલ, મરનારના નાના બહેન સ્નેહા, રીક્ષા ડ્રાઈવર તથા ચોકીદાર સાથે ચર્ચા કરી નિવેદનો લે છે. આ બધાએ પોલીસને જે નવેદનો આપેલાં તે મુજબ જ એડવોકેટને નિવેદનો આપે છે. હવે આગળ કેસ કેવી રીતે કોર્ટમાં મુકવો તેનો અભ્યાસ એડવોકેટ કરી રહ્યા હતા તે દરમિયાન એક દિવસ મરનારના બહેન 'સ્નેહા'નો ફોન એડવોકેટ ઉપર આવ છે તેમાં જણાવે છે કે મારે તમારી સાથે અગત્યની વાત કરવી છે તો કયારે મળવા આવું? એડવોકેટ બીજે દવસે આવવાનું કહે છે તે મુજબ આવતાં 'સ્નેહા' કહે છે કે મારી પાસે એક ગુપ્ત વસ્તુ મળી છે. હું જયારે ઉપર આવી ત્યારે મારો લગેજ લઈ ડ્રાઈવર આવતા હતા ત્યારે મારા દીદી લોહીના ખાબોચીયામાં પડયા હતા ત્યારે તે રૂમમાં કોઈ હતું નહિ પરંતુ તેમની પાસે એક 'આઈ કાર્ડ' પડયું હતું જે ઝડપથી મેં લઈ મારા પાકીટમાં મુકી દીધું હતું. અત્યારે હું લઈને આવી છું અને આપને આપું છું. એડવોકેટે 'થેંકસ' કહી તે 'આઈકાર્ડ' લઈ લીધું અને 'સ્નેહા'ને આ કાર્ડ વિશે કોઈને પણ વાત નહીં કરવાની સુચના આપી જવા દીધી. એડવોકેટ આ આઈકાર્ડનું લખાણ વાંચી ખુબ જ આશ્ચર્યમાં પડી જાય છે અને બીજે દિવસે ફોન ઉપર તે વ્યકિતનો સંપર્ક સાધે છે. જેમનો સંપર્ક સાધવામાં આવ્યો તેમને મળી જવાનું કહે છે. તે વ્યકિત એડવોકેટને મળે છે તેની સાથે પુછપરછમાં જણાવે છે કે તમે ઉદ્યોગપતિ શ્યામલાલના મિત્ર છો તેથી જણાવું છું કે તેમના ધર્મપત્નીનું ખૂન થયું છે તમે તેમના કુટુંબ વિશે થોડી માહિતી આપશો તો કેસના નિરાકરણમાં મને સરળતાં રહેશે. આવેલ વ્યકિત પોતાનું નામ 'સમીર જાની' જણાવે છે અને કહે છે કે હાલમાં હું ભાવનગરની લોખંડ બજારમાં આવેલી બેંક ઓફ બરોડા શાખામાં એકાઉન્ટન્ટ તરીકે કાર્ય કરું છું. મારે 'શ્યામલાલ' સાથે સંપર્ક નથી પરંતુ તેમના ધર્મપત્ની 'રૂપમતી' અને હું અમદાવાદની એચ.એલ. કોલેજ ઓફ કોમર્સમાં સાથે અભ્યાસ કરતા હતાં. રૂપમતીના પિતાજી અમદાવાદમાં સેન્ટ્રલ બેક ઓફ ઈન્ડિયામાં હેડ કેશીઅર તરીકે કાર્ય કરતા હતાં તેઓ નિવૃત્ત થયા પછી 'પુના'માં સેટલ થયા હતા. પરંતુ નિવૃત્તિ પહેલા અમદાવાદમાં 'રૂપમતી'ના લગ્ન ઉદ્યોગપતિ શ્યામલાલ સાથે કરાવ્યા હતા. અમદાવાદમાં હું બેંક ઓફ બરોડામાં જોઈન થયો હતો અને બઢતી મળતાં મને ભાવનગરમાં પોસ્ટીંગ મળ્યું હતું. ભાવનગરમાં એક વખત 'રૂપમતી'નો સંપર્ક બજારમાં થયો હતો તેણીએ આપેલા ફોન ઉપર બે ત્રણ વખત સંપર્ક સાધવામાં આવ્યો હતો હવે પછીના હિયરીંગમાં હાજર રહેવા એડવોકેટ જણાવે છે.

ગુરુવારે હિયરીંગના સમયે એડવોકેટ ચંપકલાલ નામદાર કોર્ટને આ કેસના એક સાક્ષીને તપાસવા માટે મંજૂરી માગે છે જે નામદાર કોર્ટ માન્ય રાખતાં કોર્ટમાં હાજર રહેલા શ્રી સમીર જાનીને વીટનેસ બોકસમાં ઉપસ્થિત થવા જણાવે છે. સમીરની ઉલટ તપાસમાં એડવોકેટ પુછે છે કે તમે 'શ્યામલાલ'ના મિત્ર કયારથી છો અને તેના વિશે શું જાણો છો ત્યારે સ્પષ્ટતાં કરતાં સમીર જણાવે છે કે હું શ્યામલાલનો મિત્ર નથી પરંતુ તેમના પત્ની 'રૂપમતી' અને હું અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજમાં સાથે અભ્યાસ કરતાં હતા, અમદાવાદમાં તેમના પિતા હતા તેથી અમદાવાદમાં ઉદ્યોગપતિ શ્યામલાલ સાથે 'રૂપમતી'ના લગ્ન થયા હતા. વેપાર અર્થે શ્યામલાલ ભાવનગર આવ્યા હશે જયારે મારી બઢતીથી મારી ભાવનગરની લોખંડ બજારમાં આવેલ બેંક ઓફ બરોડામાં ટ્રાન્સફર થઈ હતી. બજારમાં એક વખત 'રૂપમતી' મળતાં તેમની પાસેથી ફોન નંબર મેળવ્યો હતો અને ફોન ઉપર તેની સાથે સંપર્ક થયો હતો. આ બધી જ વિગતો આપની સાથે ચર્ચામાં મેં આપી જ હતી. એડવોકેટ ચંપકલાલે અધવચ્ચેથી અટકાવતાં કહ્યું કે તમે ખૂન થયું તેના આગલે દિવસે પણ ફોન ઉપર વાત કરી હતી અને ખૂન બપોરે ૧૨ થી ૧ વચ્ચે થયું ત્યારે તમે જ મળવા આવ્યા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પાડોશી ભલો હોય કે બૂરો હોય પણ તે આપણો સાચો હમદર્દ છે, મુશ્કેલીના સમયે સંબંધીઓ, ઓળખીતા- પાળખીતાને પહોંચતા વાર લાગે છે, ત્યારે સૌ પ્રથમ મદદ માટે પહોંચનાર આપણો પાડોશી જ હોય છે

**સ્વજનથી સવિશેષ પાડોશી**

**- ડો. મહેબૂબ દેસાઈ**

પાડોશી શબ્દ વ્યક્તિ અને રાષ્ટ્ર બંને માટે અત્યંત મહત્વનો છે. સારો પાડોશી સ્વજન કરતાં સવાયો હોય છે અને એટલે જ દરેક ધર્મમાં પાડોશી ધર્મનો મહિમા વ્યકત થયો છે.

પાડોશી ભલો હોય કે બૂરો હોય પણ તે આપણો સાચો હમદર્દ છે. મુશ્કેલીના સમયે સંબંધીઓ, ઓળખીતા- પાળખીતાને પહોંચતા વાર લાગે છે, ત્યારે સૌ પ્રથમ મદદ માટે પહોંચનાર આપણો પાડોશી જ હોય છે. પાડોશીને હિંદુ કે મુસ્લિમ ગણી તેની મહત્તા ઓછી આંકનાર માનવીને એ ખબર નથી હોતી કે પાડોશીનો સાચો ધર્મ તો માનવતા છે.

ઈસ્લામે પણ પાડોશીને અત્યંત મહત્વનો દરજજો આપ્યો છે. ઈસ્લામીક ગ્રંથોમાં મોચીની વાત બહુ જાણીતી છે, જેણે હજયાત્રા માટે ભેગા કરેલા પૈસા પોતાના ભૂખ્યા પાડોશીના ભોજન માટે ખર્ચી નાખ્યા. દમિશ્કના એ મોચીને હજરત અબ્દુલ્લાહ બિન મુબારકે પૂછયું હતું, આ વર્ષે હજયાત્રા માટે આવેલા એક લાખ હજયાત્રીઓમાંથી કોઈ હજ ખુદાએ કબૂલ નથી કરી. એક માત્ર ઘર બેઠા તમારી હજ ખુદાએ કબૂલ કરી છે. તમે એવી તો કેવી ઈબાદત કરી કે ખુદાએ ઘર બેઠા તમારી હજ કબૂલ કરી?



ગરીબ મોચી હજરત અબ્દુલ્લાહની વાત સાંભળી નવાઈ પામ્યો. પછી સ્વસ્થ થઈ બોલ્યો. હજયાત્રા કરવાની તમન્નાથી મેં મારી હલાલની કમાઈમાંથી થોડા થોડા પૈસા જમા કર્યા હતા. પણ થોડા દિવસ પહેલાં જ મારા પાડોશીની હાલતની મને જાણ થઈ. સાત સાત દિવસથી તેમનો ચૂલો ટાઢો હતો. બાલ બચ્ચાઓ ભૂખ્યા ટળવળતાં હતાં. તે જોઈ મારું હૃદય કકડી ઊઠ્યું. અને મેં હજયાત્રા માટે જમા કરેલા પૈસા તેમને આપી દીધા.

કુરાન શરીફમાં પાડોશીની મહત્તાનો સ્વીકાર કરી, તે અંગે વિસ્તૃત વિવરણ આપવામાં આવ્યું છે. કુરાને શરીફમાં પાડોશીઓના ત્રણ પ્રકારો આપવામાં આવ્યા છે.

૧. 'વલ જારે ઝિલ કુરબા' અર્થાત એવા પાડોશી જે પાડોશી હોવા છતાં સ્વજન સગાં હોય.

૨ 'વલ જારિલ ઝુનુબે' અર્થાત એવા પાડોશી જે કૌટુંબિક સગાસંબંધી ન હોય પણ માત્ર પાડોશી જ હોય. આવા પાડોશીમાં ગેરમુસ્લિમ પાડોશીનો પણ સમાવેશ થાય છે.

૩. 'વસ્સાહિલે બિલજમ્બે' અર્થાત એવા પાડોશી જેનો સંજોવશાત મુસાફરીમાં દફતરમાં કે અન્ય કોઈ રીતે ભેટો થઈ ગયો હોય. આમાં ગેરમુસ્લિમ પાડોશીનો પણ સમાવેશ થાય છે.

આ ત્રણે પ્રકારના પાડોશીઓ સાથે ઈસ્લામે સદ્ભાવના અને ભાઈચારો રાખવાનો આદેશ આપ્યો છે. અને કહેવામાં આવ્યું છે, જે માણસ અલ્લા અને અંતિમ દિવસ પર ઈમાન રાખતો હોય તેણે પોતાના પાડોશીને કંઈ પણ દુખ કે તકલીફ આપવાં ન જોઈએ.

એક વાર એક સહાબીએ હજરત મહંમદ પયગમ્બર (સ.અ.વ)ને અરજ કરી, હજૂર તે સ્ત્રી ઘણી નમાઝો પઢે છે. પાબંદીથી રોઝા રાખે છે. અતિશય ખેરાત કરે છે પરંતુ પોતાની કડવી વાણીથી પોતાના પાડોશીઓને હેરાન પરેશાન કરે છે.

આ (સ.અ.વ) એ ફરમાવ્યું, તે સ્ત્રી દોઝખમાં જશે કારણ કે તે સાચી મુસ્લિમ નથી, જેના પાડોશી તેની શરારતો ખરાબ વર્તનથી પરેશાન હોય. પાડોશી સાથેના સંબંધો અંગે તો મહંમદ સાહેબે (સ.અ.વ.) ત્યાં સુધી તાકીદ ફરમાવી છે.

જો તમે તમારાં બાળકો માટે ફળો લાવો તો તમારા પાડોશીને ત્યાં પણ મોકલો. જો તમે તેવું ન કરી શકો તો તે ફળોનાં છોતરાં બહાર ફેંકશો નહીં, જેથી ગરીબ પાડોશીઓનું મન ન દુભાય.

# જે હેતુ માટે સરકારે જમીન સંપાદન કરેલ હોય તે હેતુ ૧૦ વર્ષ સુધી પૂર્ણ ના થાય તો જમીન મૂળ માલિકને પરત સોંપવી જોઈએ

**ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટ ૧૯૭૯ની કલમ ૧૨ (૨) બી તથા ૨૦ (૨) ની સમજુતી**

**વાત કાનૂન કાયદાની...**

**- અશ્વિન વી. ત્રિવેદી**

જયારે સત્તા મંડળ દ્વારા કોઈ પણ જમીન કોઈ પણ હેતુ માટે આરક્ષિત આગર તો રિઝર્વ ફાળવવામાં આવેલ હોય તેમજ આવી આરક્ષિત જમીન સક્ષમ સત્તા મંડળ દ્વારા અંતિમ વિકાસના નકશામાં મુકવામાં આવેલ ના હોય તો આવી આરક્ષિત જમીનના માલિક ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન લેન્ડ ડેવલોપમેન્ટ એકટની કલમ ૨૦ (૨) મુજબ સક્ષમ ઓથોરીટીને નોટિસ આપી છ માસમાં ડેવલોપમેન્ટ કરવામાં ના આવે તો સક્ષમ ઓથોરીટીએ સદરહું જમીન આરક્ષણમાંથી મુકત કરવી પડે છે.

આવા પ્રકારની નોટીસ મળ્યા બાદ છ માસમાં સક્ષમ ઓથોરિટિ દ્વારા જમીન સંપાદન તેમજ નવિન વિકાસના નકશા જાહેર કરવામાં ના આવે તો આવી જમીન સંપાદન મુકત કરી મુળ માલિકને સોંપવી જોઈએ. ના. ગુજરાત હાઈકોર્ટે આ પ્રકારના ચુકાદા આપેલ છે.

ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન લેન્ડ ડેવલોપમન્ટ એકટની કલમ ૨૦ (૨) મુજબ આખરી વિકાસ યોજના અમલમાં આવવાની તારીખથી દસ વર્ષ સુધીની મુદતની અંદર પેટા કલમ (૧)માં જણાવેલ જમીન કબુલાતથી સંપાદીત કરવામાં આવે નહી અગર તો જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ હેઠળની કાર્યવાહી મુદતની અંદર શરુ કરવામાં આવી ના હોય તો માલિક અથવા જમીનમાં હિત ધરાવતી વ્યકિત સંબધીત સત્તા મંડળને જમીન સંપાદન કરવા ફરમાવતી નોટિસ સત્તા મંડળ ઉપર બજાવી શકશે અને આવી નોટીસ મળેથી છ માસની અંદર જમીન સંપાદન કરવામાં ના આવે તો જમીનની મુકરરી બંધ થઈ છે તેમ ગણાશે.



જયારે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટની કલમ-૨૧ મુજબ આખરી વિકાસ યોજના અમલમાં આવી હોય તે તારીખથી દસ વર્ષમાં ઓછામાં ઓછું એક વખત જરુરી હોય તે નવેસરથી સર્વે કર્યા પછી વિસ્તાર વિકાસ સત્તા મંડળે વિકાસ યોજના સુધારવી જોઈએ અને કલમ ૯ થી ૨૦ની જોગવાઈઓ શકય હોય તેટલા અંશે આવા સુધારણા અંગે લાગુ પાડવામાં આવે છે.

ઉપરોકત કાયદામાં સ્પષ્ટ જણાવેલ છે કે સક્ષમ સત્તા મંડળ દ્વારા કોઈ પણ જમીન ચોકકસ હેતુ માટે રિઝર્વેશન હેઠળ મુકવામાં આવી હોય પરંતુ તે જમીન અંગે આખરી વિકાસ યોજના અમલમાં આવવાના દસ વર્ષના સમયગાળામાં સરકારે આવી આરક્ષિત જમીન ખરીદેલના હોય કે સંપાદનની કાર્યવાહી પૂર્ણ ના કરી હોય તેમજ સંપાદનના જાહેરનામા બાદ પણ કોઈ જ કાર્યવાહી સક્ષમ ઓથોરિટિ દ્વારા પરિપૂર્ણ કરવામાં ના આવી હોય તેમજ જે હેતુ માટે સરકારે જમીન સંપાદન કરેલ હોય તે હેતુ દસ વર્ષ સુધી પણ પરિપૂર્ણ ના કરેલ હોય તો આવી જમીન પરત મેળવવા મૂલ માલિક અગર તો તેના સીધી લીટીના વારસદારો હક્ક અધિકાર ધરાવે છે. મુલ માલિકે સક્ષમ ઓથોરિટિને લીગલ નોટિસ આપી છ માસનો સમય આપવો જોઈએ. છ માસ બાદ પણ સત્તા મંડળ દ્વારા નવીન વિકાસ નકશા બહારના પાડી સંપાદનની કાર્યવાહી પરિપૂર્ણ ના કરવામાં આવે તો આવી જમીન મૂળ માલિકને પરત સોંપવાનો હુકમ ના. ગુજરાત સરકાર સક્ષમ ઓથોરિટિને કરી શકે છે. આવી કાર્યવાહી મુળ માલિકે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ લેન્ડ ડેવલોપમેન્ટ એકટની કલમ ૨૦ (૨) મુજબ કરેલી હોવી જોઈએ.

ગુજરાતમાં સૂરત, વડોદરા, અમદાવાદ તેમજ રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ સક્ષમ ઓથોરિટિએ ઘણી બધી જમીન ભવિષ્યના વિકાસ ઝોનમાં મુકી સંપાદનનું જાહેરનામું બહાર પાડેલ છે. તેમ છતાં ઘણા બધા કિસ્સામાં જમીન સંપાદનની કાર્યવાહી પરિપૂર્ણ કરેલ નથી તેમજ વળતર પણ ચૂકવેલ નથી તેવા કિસ્સામાં સદર કાયદાનો અમલ કરી મૂળ માલિક આવી જમીન પરત મેળવવા કાર્યવાહી કરી શકે છે.